**–:: આંક–૫ ની અરજી લગત હુકમ ::–**

(૧) વાદીની હાલની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, ગ્રામ પંચાયત ગુંગરડીના સરકારી દફતરે ચાલતી ગામતળમાં આવેલ ઘર નંબર ૨૧૫૯/૨ વાળી મિલકત વાદીના કબજા ભોગવટાની જગ્યા સહીત ગારી ફળીયામાં જાહેર રસ્તા પર માલીકી હકે આવેલ છે. જયા વાદીઓની ઝુપડાવાળી ખુલ્લી જગ્યા ૧૪X૧૦ ચો. ફુટની આવેલી છે તેમાં પાણીનો વપરાશનો બોર વાદીનો છે. જે મીલકત દાવાવાળી મીલકત છે. તેમાં પ્રતિવાદીનો કોઈ લાગભાગ હકક અધિકાર નથી તેમ છતા તેમાં ગરેકાયદેસર પ્રવેશ કરી પાયા ખોદી બાંધકામ કરે છે અને ધમકી આપે છે અને વાદીની જમીનમાં દબાણ કરવા પ્રયત્ન કરતા હોઈ તેને રોકવા વાદી હાલનો દાવો લાવી દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદી તકરારી જમીનમાં બાંધકામ કરે કરાવે નહી તેમજ વાદીઓને જમીનમાં બાંધકામ કરે તેમાં રોકે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) વાદીઓએ પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો દાખલ કર્યા બાદ પ્રતિવાદીને દાવાનો સમન્સ અને આંક–૫ અન્વયે નોટીસ ઈસ્યુ કરતાં તે પ્રતિવાદીઓને બજી જતાં પ્રતિવાદીઓ તેઓના વિ. વકીલ શ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજી સામે પ્રતિવાદીઓ હાજર થઈ, પ્રતિવાદીઓ તરફે આંક:૧૭ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાં કરેલ કથન અમોને કબુલ મંજુર કે બંધનકર્તા નથી તેમ જણાવી જણાવેલ છે કે મિલકત નંબર ૨૧૫૯/૨ તેનું માપ ૧૪X૧૦ વાદીએ ખોટું જણાવેલ છે તેમજ ઝુંપડું હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તેમજ જે પંચાયતનો દાખલો રજુ કરેલ છે તેમાં માપ જણાવેલ નથી અને ખોટો પંચાયતનો ચર્તુસીમાનો દાખલો રજુ કરેલ છે. પ્રતિવાદીનું મકાન મિલકત નંબર ૨૧૫૬ થી કાચું ઈંટોનું આવેલ હતું તે તોડીને પ્રતિવદી નવું મકાન બનાવે છે. વાદીની મિલકતમાં કોઈ દબાણ કરેલ નથી. વાદી ખોટો દાવો લાવેલ હોઈ વાદીની અરજી રદ કરવા જણાવેલ છે.

(૩) આ કામના વાદી તર્ફે તેઓની મનાઈ અરજીનાં સમર્થનમાં આંક:૩ તથા આંક:૨૩ નાં લીસ્ટથી નીચે મુજબના પુરાવા રજુ રાખેલ છે.

**વાદી તર્ફે આંક:૦૩ તથા ૨૩ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા.**

| ક્રમ નંબર | નામ. | નિશાની. |
|---|---|---|
| ૧ | ઘર નંબર ૨૧૫૯/૨ નો આકારણી પત્રક. | ૩/૧ |

| | | |
|---|---|---|
| ૨ | ઘર વેરાની પાવતી. | ૩/૨ |
| ૩ | ઘર વેરાની પાવતી. | ૩/૩ |
| ૪ | ઘર વેરાની પાવતી. | ૩/૪ |
| ૫ | ચર્તુ દીશાનો પંચાયતનો નકશો. | ૩/૫ |
| ૬ | વાદી નંબર ૧ પપ્પુભાઈનો મરણનો દાખલો. | ૩/૬ |
| ૭ | રેખાબેનના આધાર કાર્ડની નકલ. | ૩/૭ |
| ૮ | વાદી આદીવાસી હોવાંનું પ્રમાણપત્ર. | ૩/૮ |
| ૯ | મિલકત નંબર ૨૧૫૭ ની આકારણી ની નકલ. | ૩/૯ |
| ૧૦ | મિલકત નંબર ૨૧૫૯/૨ ના ફોટોગ્રાફ. | ૩/૧૦ |
| ૧૧ | મિલકત નંબર ૨૧૫૯/૨ ના ઘરવેરાની પાવતી. | ૨૩/૧ |
| ૧૨ | નાનજીભાઈ રામચંદભાઈ નું સોગંદનામું | ૨૩/૨ |
| ૧૩ | પશવાભાઈ દેવાભાઈ નું સોગંદનામું | ૨૩/૩ |
| ૧૪ | રતનસિંહ મલાભાઈ નું સોગંદનામું | ૨૩/૪ |
| ૧૫ | કોખરભાઈ જવાભાઈ નું સોગંદનામું | ૨૩/૫ |

(૪) આ કામના પ્રતિવાદીઓ તર્ફે તેઓના જવાબનાં સમર્થનમાં આંક:૧૮ નાં લીસ્ટથી નીચે મુજબના પુરાવા રજુ રાખેલ છે.

**વાદી તર્ફે આંક:૪૨ ના લીસ્ટથી પુરાવા.**

| ક્રમ નંબર | નામ. | નિશાની. |
|---|---|---|
| ૧ | ભુરાભાઈ ભારતાભાઈનું સોગંદનામું. | ૪૨/૧ |
| ૨ | પર્વતભાઈ પ્રેમચંદભાઈનું સોગંદનામું. | ૪૨/૨ |
| ૩ | હકમાભાઈ ગોકળભાઈનું સોગંદનામું. | ૪૨/૩ |
| ૪ | મંગાભાઈ ગોકળભાઈનું સોગંદનામું. | ૪૨/૪ |
| ૫ | રામાભાઈ વાઘજીભાઈનું સોગંદનામું. | ૪૨/૫ |

(૫) ત્યારબાદ વાદી તરફે વિ. વકીલ શ્રી ધ્વારા આંક:૨૭ થી લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે અને પ્રતિવાદીઓ તરફે વિ. વકીલ શ્રી ધ્વારા મુખ્યતવે તેમના જવાબ મુજબ દલીલ કરેલ છે.

(૬) ઉપરોકત હકીકતે વાદીઓની આંક-૫ ની કામચલાઉ મનાઈ અરજીના નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ::-**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું દાવા દરમ્યાન મનાઈ હુકમ આપવામા ન આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર : ૧ થી ૪ :-**

(૮) ઉપરોકત તમામ મુદાઓની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોઈ, બીન જરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુસર આ તમામ મુદાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૮.૧) વાદીની હાલની મનાઈ અરજી, બંને પક્ષની દલીલો તેમજ દસ્તાવેજી લીસ્ટ, કોર્ટ કમીશ્નરનું પંચનામું અને કેસનું રેકર્ડ ધ્યાને લીધું. વાદીએ હાલની અરજીમા જણાવેલ છે કે, ગ્રામ પંચાયત ગુંગરડીના સરકારી દફતરે ચાલતી ગામતળમાં આવેલ ઘર નંબર ૨૧૫૯/૨ વાળી મિલકત વાદીના કબજા ભોગવટાની જગ્યા સહીત ગારી ફળીયામાં જાહેર રસ્તા પર માલીકી હકે આવેલ છે. જયા વાદીઓની ઝુપડાવાળી ખુલ્લી જગ્યા ૧૪X૧૦ ચો. ફુટની આવેલી છે તેમાં પાણીનો વપરાશનો બોર વાદીનો છે. જે મીલકત દાવાવાળી મીલકત છે. તેમાં પ્રતિવાદીનો કોઈ લાગભાગ હકક અધિકાર નથી તેમ છતા તેમાં ગેરેકાયદેસર પ્રવેશ કરી પાયા ખોદી બાંધકામ કરે છે અને ધમકી આપે છે અને વાદીની જમીનમાં દબાણ કરવા પ્રયત્ન કરતા હોઈ જેને રોકવા વાદી હાલનો દાવો લાવેલ છે. વાદી તર્ફે નિશાની ૩/૧ થી ઘર નંબર ૨૧૫૯ નું આકારણી પત્રક તેમજ નિશાની ૩/૨ થી ઘરવેરાની પહોચ તેમવ નિશાની ૩/૫ થી ચર્તુ દીશાનો દાખલો રજુ કરેલ છે તેમજ ફોટોગ્રાફ રજુ કરેલ છે તે ધ્યને લેતા વાદી તર્ફે તકરારી જમીન બાબતે પંચાયતનું રેકર્ડ રજુ રાખેલ છે તકરારી જમીન વાદીની માલકીની હોવા બાબતે કોઈ રજીસ્ટર દસ્તાવેજ કે વાદી પાસે મિલકત કેવી રીતે તબદીલ થઈ આવી અને વાદી તકરારી મિલકતનો કેવી રીતે માલિક છે તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી.

પ્રતિવાદીએ મુખ્યતવે તકરારી જમીન વાદીની માલીકીની નથી તેવી તકરાર લીધેલ છે. તકરારી જમીન વાદીની માલીકી હોવા બાબતે વાદી કોઈ દસ્તાવેજી પુરાવે રજુ રાખી શકેલ નથી. તકરારી જમીનની માલીકી બાબતે વાદી દસ્તાવેજી પુરાવો રજુ રાખી શકેલ ન હોઈ વાદને મનાઈ હુકમ આપવો વ્યાજબી જણાતો નથી. વાદી તકરારી જમીનની માલીકી પ્રથમદર્શનીય રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ વાદી ચોખ્ખા હાથે આવેલ હોય તેવું જણાતું નથી. જે સંજોગોમાં વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને અગવડતા પડે તેમજ નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકશાન થવા સંભવ નથી. અગવડતા સગવડતા વાદીની તરફેણમાં નથી, વાદી પ્ર થમ દર્શનીય કેસ પુરવાર કરવમાાં નિષ્ફળ થયેલ હોય, વાદીની અરજી નામંજુર કરવી વ્યાજબી અને ન્યાયી જણાતું હોઈ, જેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી, મુદા નં.૪ અન્વયે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) વાદીની આંક–૫ ની હાલની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી, આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિકાલને અનુસરશે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૨ મી, માંહે : નવેમ્બર, સને : ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગરબાડા,
તારીખ : ૧૨/૧૧/૨૦૨૪.

(મોહંમદમકસુદ મોહંમદઈકબાલ શૈખ)
પ્રિન્સીપાલ સીવીલ જજ, ગરબાડા.
(UIC-GJ01294)